# વિદ્યાર્થીને કથિત ઢોર માર મારવાના મામલે ઊંઝા-પાટણ માર્ગ પર ચક્કાજામ

ઊંઝા, તા. ૧૧

ઊંઝા નજીક ડાલી ગામે આવેલ એસ.આર. પટેલ ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતા એક પાટણના વિદ્યાર્થીને કોલેજના ટ્રસ્ટીએ કથિત ઢોર માર માર્યો હોવાના વિરોધમાં આજે ઉશ્કેરાયેલ કોલેજના વિદ્યાર્થીઓના ટોળાએ ઊંઝા-પાટણ રોડ પર વાહનો અટકાવી ચક્કાજામ કર્યો હતો.

વિગત એવી છે કે ઉત્તર ગુજરાતના પાટણ ખાતે રહેતા ઉત્સવ દિનેશભાઈ ઉપાધ્યાય નામના વિદ્યાર્થી ડાભી (ઊંઝા) ખાતે આવેલ એસ.આર. પટેલ ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરે છે. કોલેજમાં વિદ્યાર્થી યુનિયનથી ચૂંટણી સંદર્ભે વિદ્યાર્થીઓને ઉશ્કેરવાના મામલે સદર વિદ્યાર્થીને ગઈકાલે પ્રિન્સિપાલની ઓફિસમાં બોલાવવામાં આવ્યો હતો. બાદમાં તેને કોલેજના ટ્રસ્ટીની ચેમ્બરમાં બોલાવ્યો હતો. જ્યાં કોલેજના ટ્રસ્ટીએ તેને કથિત ઢોર માર મારી ધમકીઓ આપી હતી. જેથી વિદ્યાર્થીને શરીરે ઈજાઓ થતાં પોતાના ઘરે પાટણ ગયો હતો. જ્યાં વાલીને જાણ કરતાં તેને સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ઘટનાની વિદ્યાર્થી સંગઠનોને જાણ થતાં વિદ્યાર્થીઓનું ટોળુ હોસ્પિટલમાં ગયુ હતુ અને ટ્રસ્ટીની કથિત ગુંડાગર્દી સામે રોષ વ્યક્ત કર્યો હતો.

બાદ આજે સવારે આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. એસ.આર. પટેલ એન્જિનીયરીંગ કોલેજ નજીક ઊંઝા-પાટણ રોડ પર વિદ્યાર્થીઓનું ટોળુ એકત્ર થયુ હતુ અને રોડ પરથી પસાર થતા વાહનોને અટકાવી ચક્કાજામ કર્યો હતો. પરિણામે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.



## પાલનપુર હાઇવે પર લક્ઝરી બની બેકાબુ

પાલનપુર-અમદાવાદ હાઈવે પર મોડી રાતે એક લકઝરી બસ બેકાબુ બનતા ૪ જેટલા વાહનોને અડફેટે લેતા ૨ વ્યક્તિઓને ઈજા થઈ હતી. પાલનપુર હાઈવે પર લકઝરી બસ બેકાબુ બનતા ચાર ઉપરાંતના વાહનોને અડફેટે લીધા હતા. આ લકઝરી બસે ૧૦૮ના અધિકારીની પ્રાઈવેટ ગાડીને પણ ટક્કર મારી હતી. અકસ્માતમાં બે વ્યક્તિને ઈજા હતી. જે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. ઘટના ને પગલે લોકોના ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતા. દરમિયાન, સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોચ્યો હતો.




શહેરના ઘ-૨ સર્કલ ખાતે સોડાની રેકડી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળા વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરતા રહે છે. ત્યારે ઉત્તરાયણ પર્વને અનુલક્ષી મહેન્દ્રકાકા અંદાજીત રૂ. ૧૦,૦૦૦ હજારના લાડુ તૈયાર કરીને શહેરના સેક્ટરોમાં ફરતા શ્વાન અને ગાયને લાડુ ખવડાવવામાં આવશે. આ સેવામાં મહેન્દ્રકાકા સાથે સેક્ટર-૨ના અન્ય નાગરીકો, સેવાભાવી નાગરીકો પણ જોડાશે.

# સી.એમ. શાળાના વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવારની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૧૧

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર, અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ અને લાયોનેસ ક્લબના સંયુક્ત ઉપક્રમે શેઠ સી.એમ. શાળાના વિજ્ઞાનપ્રવાહના ધો. ૧૧ના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રોજેક્ટર દ્વારા પ્રાથમિક સારવારની મસજુતી અને લાઈવ ડેમોન્સ્ટ્રેશન પ્રાયોગિક ધોરણે આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ટ્રેનર સોનલ ચૌહાણે એક્સિડેન્ટ થયા પછી તરત જ રખાતી સાવચેતી અને સારવાર તથા દર્દીને દવાખાને ખસેડવાની પદ્ધતિ વિશે માહિતી આપી હતી. હૃદયરોગના હુમલા વખતે દર્દીને અપાતી પ્રાથમિક સારવારને ગોલ્ડન ટાઈમ ગણવામાં આવે છે. આવા સમયે દર્દી મૃત:પ્રાય અવસ્થા આવી જાય છે, ત્યારે દર્દીના હૃદયને પુનઃ ધબકતુ કરવાની પ્રક્રિયાનું જીવંત નિદર્શન સ્ટેજ પર રજુ કરવામાં આવ્યુ હતુ. અને તેના પર પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. કે અકસ્માતમાં ઈજા પામેલ વ્યક્તિને પાણી પીવડાવવું જીવલેણ સાબિત થઈ શકે છે. આ કાર્યક્રમમાં શર્મિષ્ઠા દવે, મનીષા જયસંઘાણી તેમજ ડૉ. ચેતના બુચે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ સંચાલિત નારીસંરક્ષણ ગૃહની બહેનો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી.

## આર.સી. પટેલ શાળામાં પક્ષી બચાવો અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે 'પક્ષી બચાવો'ના કાર્યક્રમો યોજાતા હોય છે. તાજેતરમાં જ આર.સી. પટેલ શાળામાં પક્ષી બચાવો અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોકત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઈર્શાદ ઠેબા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ઉત્તરાયણ નિમિત્તે રાખવાની જરુરી સાવચેતી તેમજ પક્ષીઓના બચાવ અંગે જરુરી માહિતી આપી હતી. આ કાર્યક્રમ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના સહયોગથી યોજવામાં આવ્યો હતો.

# કાંકરેજ તાલુકા પંચાયતનું ૨૦૧૮-૧૯ના વર્ષનું વાર્ષિક અંદાજપત્ર રજુ થયુ

## ૨૦૧૮-૧૯નું ૧૧,૫૫,૧૫,૭૦૮ રૂપિયાનું વાર્ષિક અંદાજપત્રક સર્વાનુમતે મંજુર થતા તાલુકામાં ખુશીની લહેર પ્રસરી

કાંકરેજ, તા. ૧૧

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકા પંચાયત હોલમાં વર્ષ ૨૦૧૭-૧૮નુ સુધારેલ તેમજ વર્ષ ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર રજુ સામાન્ય સભામાં જેમાં તાલુકા પંચાયત પ્રમુખ તારાબેન મફાજીના અધ્યક્ષસ્થાને મીટીંગનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી એ.એમ. પટેલ, એ.આર. ત્રિવેદી, આર.એસ. બારોટ (સિ.કા.) વિ.અ. પંચાયતના કે.એન. પટેલ તેમજ તાલુકાના તમામ ડેલીગેટો અધ્યક્ષ અણદુભા ડાભી, મફાજી સોલંકી, શંકરભાઈ ચૌધરી, નાનુભા વાઘેલા સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બાંધકામક્ષેત્ર - ૬,૭૦,૦૦૦,
વિકાસ અને પંચાયતક્ષેત્રે ૧૦,૫૦,૦૦૦
શિક્ષણ ક્ષેત્રે - ૪,૦૦,૦૦૦
ખેતીવાડી ક્ષેત્રે - ૮,૦૦,૦૦૦
સમાજકલ્યાણ ક્ષેત્રે - ૧,૩૦,૦૦૦
કુદરતી આફતો ક્ષેત્રે - ૨૫,૦૦,૦૦૦
ઉઘડતી સિલક - ૪૫,૨૧,૩૪૦
સ્વભંડોળ - ૪૭,૨૦,૦૦૦
અંદાજિત આવક - ૯૨,૪૧,૩૪૦
સ્વભંડોળે ખર્ચ - ૪૭,૨૦,૦૦૦
અંદાજીત બંધ સિલક - ૪૫,૨૧,૩૪૦

આમ કુલ - ૧૧,૫૫,૧૫,૭૦૮ નું વર્ષ ૨૦૧૮-૧૯નું વાર્ષિક અંદાજપત્ર રજુ કરાયું હતું. આમ તાલુકા પંચાયત દ્વારા હાથ ધરાયેલ જુદી પ્રવૃત્તીઓ અને વિકાસ કાર્યક્રમમાં તાલુકા પંચાયતનું પ્રત્યેક અંગ કામે લાગી જાયને તાલુકાની ગ્રામીણ જનતાને વિશેષ લાભો મળે તેવા પ્રયાસો કરાશે અને સર્વાંગી વિકાસમાં ધારાસભ્ય અને સંસદસભ્યના માર્ગદર્શનનો પુરતો સહકાર મળી રહે તેવી અપેક્ષા સાથે આગામી વર્ષમાં અંદાજપત્ર ઉપર ચર્ચા વિચારણા કરાયા બાદ સર્વાનુમતિથી ૧૮-૧૯નું વાર્ષિક અંદાજપત્ર રજુ કરાયું હતું.

# ખડોદા ગામે બ્લડ ડોનેશન કેમ્પ અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ખડોદા, તા. ૧૧

શ્રી એચ.એસ. શાહ કોમર્સ કોલેજ, એન.એસ.એસ. ટીમ અને અને હિંમતનગર રેડક્રોસના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે મોડાસાના ચેરમેન ભરતભાઈ પરમારે બ્લડ ડોનેશન વિશે ખુબ જ સરસ માર્ગદર્શન આપ્યુ હતુ અને



સમસ્ત ખડોદા ગામના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું તથા ગ્રામોદ્ધાર અને જનજાગૃતી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો જોડાયા હતા. જેમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ બ્લડ ડોનેશન કરીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, મોડાસા એચ.એસ. શાહ, કોલેજના પ્રીન્સીપાલ ડૉ. સુધીર જોષી તથા પ્રોગ્રામ ઓફીસર ડૉ. ઈલાબેન સગર તથા ડૉ. ગોપાલભાઈ વણકરે મહત્વની બાબતો પર ગ્રામજનોને માર્ગદર્શન આપ્યું હતુ. આ શિબિરમાં ખડોદા ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ રાઠોડે પણ આ શિબિરના અનુસંધાને માહીતી આપી હતી. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના તેમને બ્લડ ડોનેટ કરેલ તમામ વિદ્યાર્થીઓના આભાર માન્યો હતો. જેમાં હિંમતનગરથી આવેલી રેડક્રોસ ટીમમાં ડૉ. એન.એસ. રાઠોડ (મેડીકલ ઓફીસર) તથા હબીબાબેન મસુ અને તેમના તમામ સ્ટાફે આ શિબિરમાં યોગદાન આપ્યુ હતુ. અને આ કાર્યક્રમમાં જોડાઈને આ પ્રોગ્રામને યાદગાર બનાવ્યો હતો.

## થરાદ બીઆરસી ભવન ખાતે વિકલાંગ કેમ્પ યોજાયો

થરાદ, તા. ૧૧

થરાદ ના બી.આર.સી ભવન ખાતે દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો આ કેમ્પમાં આંખ વિભાગ, બેરા મૂંગા અને અપંગ બાળકોની તપાસ કરાઈ હતી.

થરાદના બી.આર.સી.ભવન ખાતે દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો.બસો(૨૦૦)થી વધારે બાળકોની તપાસ કરાઈ હતી. આ કેમ્પમાં બાળકોને જે બાળક કાનની તકલીફ હોય આંખની તકલીફ હોય કે પછી હાથ પગની તકલીફ હોય તેવા બાળકોની તપાસ કરાઈ હતી અને જે તકલીફ હોય તેના સાધનો કે આગળની સારવાર આખા ગુજરાતના બાળકોની તપાસ પત્યા પછી કરવામાં આવશે. આ કેમ્પમાં ડોક્ટરો આવ્યા હતા અને તેમણે તપાસ કરી હતી જેમના પગોની ખોડ હોય તો તેના પગનું માપ લેવામાં પણ આવ્યું હતું આ કેમ્પ સર્વશિક્ષા અભિયાન અને એલીમકો કંપની દ્વારા કરવામાં આવેલ હતો. આ કેમ્પમાં વાવ, થરાદ, સુઈગામ અને લાખણી આમ ચાર તાલુકાના બાળકોએ ભાગ લીધો હતો.



## કાંકરેજના રૂની ગામે વેરાઈ માતાજી મંદિરના મહંતની પ્રથમ પુણ્યતિથિ ઉજવાઈ

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના રૂનિ ગામે તેજાસર તળાવમાંથી પ્રગટ થયેલા વેરાઈ માતાજીના મંદિરમાં પૂજા-અર્ચન કરતા મહંત ચંદ્રશેખરપુરીજીનો દેહ વિલય થયો હતો જેને એક વર્ષ પુરૂ થતાં તે નિમિત્તે ભંડારા સાથે બટુકભોજન ભજન સત્સંગ યોજાયા હતા. જેમાં મહામંહતો મંદિરના સ્થાપક લવકુશ મુની ઉદાશીન હાજર રહ્યા હતા તેમજ થરા વાળીનાથ મંદિરના મહંત કરશનપુરી બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ખારિયા-રૂનિ ગામની સ્કૂલોના ૧૩૦૦થી વધુ બાળકોને બટુક ભોજન અપાયુ હતુ. જેમાં આજુબાજુના મહંતોને ભોજન સાથે ભેટ સોગાદો વેરાઈ માતાજીના મંદિરના મહંતશ્રી હેમગીરી જમાતીયા ગુરૂશ્રી ગજેન્દ્રપુરીએ આપ્યા હતા.

# સાકરીયા હનુમાનજીમાં ત્રણ પેઢી પૂર્વ, વર્તમાન અને ભવિષ્યના શિક્ષકો દ્વારા શિક્ષણ સેમિનાર યોજાયો

સાકરીયા, તા. ૧૧

મોડાસાની ૬૦ વર્ષથી શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત એવી શ્રી વી.એસ. પ્રા. શાળાની સાથે મ.લા. ગાંધી કેળવણી મંડળ દ્વારા સંચાલિત એમ.કે. શાહ લાટીવાળા ડી.એલ.એડ. કોલેજના શિક્ષણાર્થીઓ સાથે વર્તમાન શિક્ષકો અને વર્ષો પહેલા શિક્ષણકાર્યથી નિવૃત્ત થયેલા શિક્ષકો સાથે મળીને આવનાર નવી પેઢીને કુદરતના ખોળે શિક્ષણ આપવાનો એક દિવસીય નવતર પ્રયોગ કરવામાં આવ્યો. જેમાં નિવૃત્ત શિક્ષકો, વર્તમાન શિક્ષકો અને તાલિમાર્થીઓના સમન્વયથી બાળકોને બાળગીતો, બાળવાર્તાઓ, અભિનયગીતો, ભુલાય ગયેલી રમતો દ્વારા બાળકોને શિક્ષણ આપવા માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. નવીન સેમીનિારમાં બાળકોના વાલીઓને પણ સાથે રાખેલ હતા. અને વાલીઓએ આ સેમીનારમાં ભાગ લઈ સરાહના કરી હતી.

આ સેમીનારમાં કોલેજ કેળવણી મંડળ, શાળા મંડળના પ્રમુખ નીલેશ જોષી, કોલેજ મંડળના પ્રમુખ નવીન મોદી, નાથાલાલ પ્રજાપતિ, નવનીત પરીખ, રમણભાઈ જોષી, કેમ્પસ ડાયરેક્ટર હાજર રહ્યા. તેમજ ડી.એલ.એડ. કોલેજમાં આચાર્ય, ડૉ. સંતોષ દેવકર, પ્રા. ગીતાબેન, રાજેશભાઈ, વ્રજેશભાઈ તથા સંસ્થાના આચાર્ય અમરતભાઈ રબારી, કિરણબેન ત્રિવેદી, તાલીમાર્થીઓ અને શિક્ષકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવી સાકરિયા હનુમાનજી ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બાઈકની ટકકરે અડાલજની પ્રૌઢાનું કરૂણ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક અડાલજ ખાતે પાટનકુવા વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય કવિતાબેન રમેશભાઈ પ્રજાપતિ આજે સવારે સાડા છ થી સાતની વચ્ચે પાટનાકુવાથી રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે ઝુંડાલ સર્કલ તરફથી બેફામ ગતિએ આવેલા બાઈકચાલકે પ્રૌઢાને અડફેટે લઈ લીધા હતા. આ અકસ્માતમાં પ્રૌઢા કવિતાબેનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે બાઈક ચાલક યુવાન પણ આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં દાખલ છે.

**રક્તદાન મહાદાન**

## કંપની સમાચાર

### જીજેટીસીઆઈ કાઉન્સિલ દ્વારા પાંચમા એક્સલન્સ એવોર્ડનું સફળ આયોજન

ગુજરાતના જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ ક્ષેત્રે અગ્રણી ગણતી થતા છેલ્લા પંદરેક વર્ષથી આ ઉદ્યોગ અને તેની સાથે સંકળાયેલા સૌના સર્વાંગી ઉત્કર્ષ માટે સઘન રીતે કાર્યરત સંસ્થા જીજેટીસીઆઈ દ્વારા તાજેતરમાં આ ઉદ્યોગ ક્ષેત્રની બેજોડ કાર્ય ક્ષમતા, સર્જનાત્મકતા, રચનાત્મકતા તેમજ કારીગરીની શ્રેષ્ઠતાઓને બિરદાવવાના હેતુથી પાંચમા એક્સલ્સ એવોર્ડ સમારંભનું આયોજન અમદાવાદમાં વાયએમસી ખાતે તા. ૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું. દેશ અને વિદેશમાં ૧૧૦૦ કરતા વધુ સભ્યો ધરાવતી જીજેટીસીઆઈ કાઉન્સિલનો મુખ્ય ઉદેશ આ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામને એક ફલક ઉપર લાવી નવા વિચારો અને નવી શ્રેષ્ઠતાઓને પ્રોત્સાહિત કરવાનો છે, કાઉન્સિલ દ્વારા આ અગાઉ ૪ સફળ એવોર્ડ સમારંભોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વખતે આયોજિત પાંચમા એવોર્ડ સમારંભમાં મુંબઈ, દિલ્હી, કલકત્તા, ચેન્નાઈ, બેંગલોર, પંજાબ અને ગુજરાતના વિવિધ શહેરોના જ્વેલરી એસોસિએશનના અગ્રણીઓએ ભાગ લીધો તથા બેસ્ટ બ્રાઈડલ જ્વેલરી, બેસ્ટ પ્રમોશન, બેસ્ટ ગોલ્ડ/એન્ટિક/કુંદન/સિલ્વર જ્વેલરી જેવી અનેકવિધ ૩૫ જેટલી શ્રેણીમાં એવોર્ડ એનાયત થયા.

જીજેટીસીઆઈ કાઉન્સિલ દ્વારા અપાતા આ એવોર્ડની ગણના સર્વાધિક પ્રતિષ્ઠિત એવોર્ડમાં થાય છે. આ પ્રસંગે બોલતા કાઉન્સિલના પ્રેસિડેન્ટ શાંતિભાઈ પટેલે જણાવ્યું કે, 'સૌ સાથી જ્વેલર્સ મિત્રો કે જેઓ રોજગારી વધારવા ક્ષેત્રે તેમજ ઉદ્યોગમાં અનન્ય ઉત્કૃષ્ટતા સર્જી સમાજમાં વિશ્વાસ વધારવા કાર્યરત છે તેમને પ્રોત્સાહન મળે તે આપણો ઉદ્દેશ છે. ઉદ્યોગમાં કરીગરીના નવા સીમાચિહ્નો રચાય તે ઉપરાંત સંકળાયેલા તમામની સામાજિક પ્રગતિ થાય અને જીવનશૈલિમાં ઉત્કર્ષનો પણ આપણો મુખ્ય હેતુ છે.'

## ગેરલાયક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિનુબા ગનુજી, બિહોલા જગતસિંહ મનુસિંહ, ચૌધરી માધાભાઈ જોરાભાઈ, ચૌધરી ઉષાબેન લાલજીભાઈ, ઠાકોર સંગીતાબેન પ્રકાશજી અને રાઠોડ જશવંતસિંહ વક્તુસિંહને ગેરલાયક ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે. આજે ૧૦ તાલુકા પંચાયતના સભ્યોને ગેરલાયક ઠેરવવાના આવેલા ચુકાદાને પગલે જિલ્લામાં રાજકીય સન્નાટો છવાઈ જવાપામ્યો છે.

માણસા તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા ૨૪ની છે. આ પૈકી ૧૦ સભ્યો ગેરલાયક ઠરતાં હવે ૧૪ સભ્યો રહે છે જેમાં ૮ કોંગ્રેસના અને ૬ ભાજપના સભ્યો છે. જિલ્લામાં પક્ષાંતર ધારા ભંગની અરજીનો આ પ્રથમ ઐતહાસિક ચુકાદો હોવાથી રાજકીય સન્નાટો સ્વાભાવિક છે. હવે જોવાનું રહે છે કે ગેરલાયક ઠરેલા સભ્યો રાજ્યની વડી અદાલતમાં પડકારે છે કે નહિ અને તેના પર મનાઈ હુકમ મેળવવાનો પ્રયાસ કરે છે કે નહિ. જો કે અરજદારે આ માટે હાઈકોર્ટમાં કેવીએટ અરજી દાખલ કરવા મન બનાવી લીધુ હોવાનું તેમના નિકટવર્તી સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## સીસી રોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ હતુ. જેમાં દોલારાણા વાસણાથી પ્રાથમિક શાળાને જોડતા માર્ગ પર સી સી રોડનુ કામ તેમજ પ્રાંતિયા ગામમાં બળિયાદેવ મંદિરથી રબારી વાસને જોડતા માર્ગનુ કામ હાથ ધરવા માટે ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. પીરોઝપુર ગામથી સિગ્નેચર બ્રીજને જોડતા માર્ગ ઉપરાંત રાયસણ ગામમાં પ્રાથમિક શાળા અને મેઈન રોડ ખાતેના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામજનોને સુવિધા પુરી પાડવા માટે રૂ ૪૦ લાખના કામોને મંજુરી આપવામાં આવી હતી.સી સી રોડના આ ખાતમુહુર્ત પ્રસંગે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ ઠાકોર જિલ્લા મહામંત્રી આઈ બી વાઘેલા સહીત સરપંચ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

## સી-૪૦ની ઉડાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દીધી છે. ઈસરો દ્વારા નાનકડા સેટેલાઈટની દિશામાં આગેકૂચ કરી દીધી છે. શુક્રવારના દિવસે પીએસએલવી-સી૪૦ તેની ૪૨મી ઉડાણ ભરશે. આની સાથે જ ઈસરો તેની ટેકનોલોજી ફરી એકવાર સાબિત કરશે. ચોથા તબક્કાના એન્જિનની ઉત્સુકતા દેખાઈ રહી છે. ૩૧ સેટેલાઈટોને પરિભ્રમણ કક્ષામાં મુકાયા છે. શુક્રવારના દિવસે તમામ ટોચના લોકો ઉપસ્થિત રહેશે. અત્રે નોંધનીય છે કે, ૩૧મી ઓગસ્ટ ૨૦૧૭ના દિવસે તેના અગાઉના પીએસએલવી મિશનને નિષ્ફળતા મળી હતી. ઈસરોના ૧૦૦માં સેટેલાઈટને પરિભ્રમણ કક્ષામાં મુકાશે.

## ભારતની પ્રશંસા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રમ્પે પીએમ મોદીની પ્રશંસા કરતાં કહ્યું કે તેમની નજર સેનાને મજબૂત કરવા, મોટા પ્રમાણમાં તેલ અને ગેસ તેમજ ઊર્જાનો ભંડાર કરવા પર છે પરંતુ રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને આ પસંદ નથી. ટ્રમ્પે ઉત્તર કોરિયા પર નિવેદન કરતાં કહ્યું કે તેને વિરુધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે. ડોનાલ્ડ ટ્રમ્પે નોર્થ કોરિયા સાથે ખુલી વાતચીતની વાત કરી હતી. ટ્રમ્પે કહ્યુ કે અમે નોર્થ કોરિયા સાથે ખુલી વાતચીત કરવા તૈયાર છીએ પરંતુ આ વાતચીત સમય આવ્યે જ થશે. ટ્રમ્પે તેમ પણ કહ્યું કે હું નથી જાણતો કે વાતચીતથી અમને શું મળશે અને આગામી સમયમાં તેના શું પરિણામો સામે આવશે.

ટ્રમ્પે કહ્યું હતું કે, ×મેં સાઉથ કોરિયાના પ્રેસિડન્ટ મૂન જે-ઈન સાથે વાતચીત કરી હતી. અમે જે કરી રહ્યાં છીએ તેના માટે મૂને આભાર માન્યો હતો. તેઓ નોર્થ કોરિયા સાથે વાતચીત યથાવત રાખવા માગે છે. હવે જોવાનું એ રહ્યું કે આ બધું કઈ રીતે થઈ શકે છે.×

ટ્રમ્પે તેમપણ કહ્યું કે નોર્થ કોરિયા સાથે વાતચીત માત્ર એક દેશ (અમેરિકા) જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ફાયદારૂપ છે. નોર્થ કોરિયાની સાથે અમેરિકાને ઘણી મુશ્કેલીઓ હતી, આશા છે કે વાતચીતથી આ બધાનો ઉકેલ આવશે. હવે અમેરિકાએ પેરિસ જળવાયુ સંધિમાં પરત ફરવાના સંકેત આપ્યા છે. ટ્રમ્પે તેના એક ભાષણ દરમિયાન માહિતી આપતા કહ્યું કે, તેનો દેશ પેરિસ જળવાયુ સંધિમાં પરત ફરી શકે છે.

નોર્વેના વડાપ્રધાન એર્ના સોલબર્ગ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરવા દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે પોતાને પર્યાવરણના હિતચિંતક ગણાવ્યા હતા. ટ્રમ્પે કહ્યું કે, પર્યાવરણની જાળવણી માટે હું ગંભીર છું. અમે સ્વચ્છ હવા અને પાણી ઈચ્છીએ છીએ પણ સાથે જ એવી ટેકનોલોજી પણ ઈચ્છીએ છીએ જે વૈશ્વિક સ્પર્ધામાં અમેરિકાને ટકાવી રાખે.

## લશ્કરી કવાયત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ એક્સરસાઈઝમાં ભારત સાથે, ઓસ્ટ્રેલિયા, તંજાનિયા, ન્યૂઝીલેન્ડ, ફિલિપાઈન્સ, બાંગ્લાદેશ, કમ્બોડિયા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર, મલેશિયા, સેશેલ્સ, મૉરેશિયસ, સાઉથ આફ્રિકા, વિયેતનામ, બ્રુનેઈ, મોઝામ્બિક, કેન્યા, યુએઈ, યમન, ઓમાન ભાગ લઈ રહ્યાં છે.

## ૨૫ ટકાનો વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બહાર નિકળી જશે, તેવી ધારણા રખાઈ રહી છે. હવે કરદાતાની સંખ્યા વધી છે, પણ મોટી સંખ્યામાં રજિસ્ટર્ડ થયેલ કરદાતાઓ પોતાની ઉપર કોઈ જવાબદારી દર્શાવીને ઝીરો ટેક્સ બતાવી રહી છે. ૪૦ ટકા રિટર્નમાં ટેક્સ આપવાની રકમ શુન્ય દર્શાવાઈ છે. કેટલીક હજાર કંપનીઓ ટેક્સ જમા કરાવે છે. લેટ પેમેન્ટ અને રિટર્ન ફાઈલિંગમાં અન્ય છૂટ હોવાથી સરકારની સમસ્યા વધી રહી છે. સોમવારે અંદાજે ૬ લાખ રિટર્ન ફાઈલ થયા હતા. જ્યારે મંગળવારે તેની સંખ્યા ૧ લાખ વધી ગઈ હતી. કેમ કે બુધવારે રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ હતી.

**તાલુકા પંચાયત કચેરી, તા. બાયડ, જી. અરવલ્લી**
**ઈ-ટેન્ડરીંગ નોટીસ નં. ૧/૨૦૧૭-૧૮**

તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. કચેરી, ગાબઢ રોડ, બાયડ, (અરવલ્લી) ફોન નં. (૦૨૭૭૯) ૨૨૦૦૧૧ દ્વારા મનરેગા અને ICDS યોજના અંતર્ગત આંગણવાડીના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના ટેન્ડર વેબસાઈટ www.nprocure.com ઉપર ૧૮/૧/૨૦૧૮ના ૧૮ કલાક સુધી જોવા મલશે. અને ઓનલાઈન ભરી શકાશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા. ૨૫/૧/૨૦૧૮ ને ૧૮.૦૦ કલાક સુધીનો રહેશે. ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા. ૧૯/૧/૨૦૧૮ બપોરના ૧૩.૦૦ કલાકે રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમ (EMD) ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટથી જ સ્વીકારવામાં આવશે. ટેન્ડરને લગતા દસ્તાવેજો ફરજીયાત ઓનલાઈન સ્કેન કરવાના રહેશે. ટેન્ડર કોઈપણ કારણ જણાવ્યા સિવાય સ્વીકારવું કે નહીં તેનો હક્ક તા.વિ.અ.શ્રી-બાયડને અબાધિત રહેશે.

સહી/-
તાલુકા વિકાસ અધિકારી
બાયડ

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૫૬૨/૨૦૧૭-૧૮